નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળના સીનીયર ક્લાર્ક (વર્ગ-૩) સંવર્ગની બઢતી અને સીધી ભરતીની જગ્યાઓ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/1918/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬/૦૮/૨૦૨૪

વંચાણે લીધા:

૧. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૫/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ

૨. સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨/૦૭/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક: GS/11/2024/CRR/11/2015/36560/G5

૩. સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૯૦૭૨૦૨૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧/૨૦૨૫/૩૬૫૬૦/ ગ.૫

૪. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૨૨/૦૭/૨૦૨૪નો પત્રાંક:DDCW/0053/07/2024

આમુખ:

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળના સીનીયર ક્લાર્ક (વર્ગ-૩) સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ (Cadre Strength) ૭૬ નિયત કરવામાં આવેલ છે. જેમાં બઢતી : સીધી ભરતીનો રેશિયો ૧:૧ નિયત થયેલ હોઇ, તદઅનુસાર બઢતીના ફાળે ૩૮ અને સીધી ભરતીના ફાળે ૩૮ જગ્યાઓ ફાળવવામાં આવેલ.

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) પરના જાહેરનામાથી આ સંવર્ગના ભરતી નિયમોમાં સુધારો કરી બઢતી : સીધી ભરતીનો રેશિયો ૨:૧ નિયત કરવામાં આવેલ છે તથા સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૩) પરના સુધારા ઠરાવથી આ સંવર્ગની મંજૂર જગ્યાઓ પર બઢતી તથા સીધી ભરતીથી ૨:૧ ના રેશિયોની જોગવાઇ મુજબ નિમણૂંકો કરવાનું ઠરાવેલ છે. જેને આધારે આ સંવર્ગના સુધારેલ રેશિયો મુજબ બઢતી અને સીધી ભરતીની જગ્યાઓ નિયત કરી આપવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ (૩) થી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Aug-2024 (01:58 PM)

<u>સુધારા ઠરાવ</u>:

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના સીનીયર ક્લાર્ક (વર્ગ-૩) સંવર્ગના ભરતી નિયમોમાં સુધારો કરી બઢતી તથા સીધી ભરતીનો રેશિયો ૨:૧ કરવામાં આવેલ હોવાથી, આ સંવર્ગના મંજૂર ૭૬ સંખ્યાબળ (Cadre Strength) પૈકી બઢતીના ફાળે ૫૧ જગ્યા અને સીધી ભરતીના ફાળે ૨૫ જગ્યાઓ આથી ફાળવવામાં આવે છે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવની જોગવાઇ તેટલા અંશે સુધારેલ ગણવાની રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સક્ષમ કક્ષાએ તા.૦૫/૦૮/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Aug-2024 (01:58 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન. મંત્રીશ્રી (સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા. ક. મંત્રીશ્રી (સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૨, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/3 ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)
- સેક્શન અધિકારી, ગ-૫ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂં...
- શાખા સિલેક્ટ ફાઇલ ૨૦૨૪